સુવિચાર : 'સદગુરુ' વૈદ્ય સમાન છે, જે રોગને જ નહીં રોગીની પ્રકૃતિને જાણી તે પ્રમાણે ઉપાય સુઝવે છે - અમૃતબિંદુ

તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૪ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯૮ | ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૫, સોમવાર ; ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

સિલિકોન વેલીમાં આઈટી દુનિયાના દિગ્ગજો સમક્ષ મોદીની ડિજિટલ ઇન્ડિયાની પહેલ

પાંચ લાખ ગામોમાં લોકોસ્ટ બ્રોડબેન્ડ ટેકનોલોજી લવાશે

ફ્રી વાઈફાઈ માટે ગુગલ ભારતને સહાયતા કરશે

એસ્ટ્રોનેટ સેટેલાઇટને આજે સવારે ૧૦ વાગે હરિકોટાથી લોન્ચ કરાશે

ત્રાસવાદ પર ભારતને અંતે વિજય મળશે જ : રાજનાથ

વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરાય તેવી શક્યતા

ટપાલ વિભાગ દ્વારા પેમેન્ટ બેંક સ્થાપિત કરવા ૨૯૨ કરોડની માંગ

રેલવે પ્રવાસી બુકિંગમાં ચાર ટકાથી વધુનો ઘટાડો નોંધાયો

સીબીઆઈએ વીરભદ્રસિંહ સામે કેટલાક વાંધાજનક દસ્તાવેજો પણ જપ્ત કર્યા

# ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનનું અનામત આંદોલનને સમર્થન



ઊંઝા, તા. ૨૭

આજે ઊંઝા ખાતે કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારી સમિતિની જનરલ બેઠક મળી હતી. જેમાં જય પાટીદાર જય સરદારના નારા સાથે પાટીદાર અનામત આંદોલનને સમર્થન જાહેર કરવામાં આવ્યું હતું.

આજે બપોરે બે કલાકે ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારી સમિતિની બેઠક સંસ્થાનના પ્રમુખ નારાયણભાઈ એલ. પટેલની હાજરીમાં મળી હતી. આ બેઠકમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના પાટીદાર સમાજના કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. બેઠકમાં હાજર યુવાનો સહિતના કેટલાક સભ્યોએ જય પાટીદાર જય સરદારના નારા લગાવ્યા હતા. કારોબારી સમિતિના કેટલાક સભ્યોએ ઉમિયા માતાજીની ધાર્મિક સંસ્થાના પ્રમુખ જેવા મહત્વના હોદ્દા પર બિન રાજકીય વ્યક્તિ હોવા જોઈએ તેવી તીવ્ર માંગણી કરી હતી. અને પાટીદાર અનામત અંગે સરકારમાં યોગ્ય રજૂઆત થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી. સભામાં બે ધારી નીતિ નહીં ચલાવાય તેવો પણ સૂર ઉઠ્યો હતો. દરમ્યાન આજે મળેલ કારોબારી સમિતિની મીટીંગમાં પાટીદારોની અનામતની માંગણી અંગે ખુલ્લો ટેકો જાહેર કરીને તેને સમર્થન આપવામાં આવ્યું હતું. આ અંગે જનરલ સભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ઊંઝા ઉમિયા માતા સંસ્થાનના આંદોલનને સમર્થન આપવાના નિર્ણયથી રાજ્યભરમાં તીવ્ર ચર્ચા જાગી છે. પાટીદાર અનામત આંદોલનને વધુ વેગ મળશે. આંદોલન વધુ તીવ્ર બનશે એવી દહેશત ચોરે ને ચૌટે વ્યક્ત થઈ રહી છે. પ્રથમ વખત કોઈ ધાર્મિક સંસ્થા આ પ્રકારના આંદોલનમાં જોડાય છે. આગામી દિવસોમાં ખોડલધામ અને સીદસર ટ્રસ્ટ પણ આ પ્રકારની જાહેરાત કરે તો નવાઈ નહી.

# ગાંધીનગરના પ્રવાસન યુનિટોને વિકાસ માટે વધુ ૫ ટકા સબસીડી

ગાંધીનગર, તા. ૨૭

પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે ગુજરાત સરકારે નવી પ્રવાસન નીતિની જાહેરાત કરી છે. રાજ્ય સરકારે જાહેર કરેલ નવી પ્રવાસન નીતિ અંતર્ગત વધુ ૫ ટકાની સબસીડી સાથે ગાંધીનગરને કેપીટલ સબસીડી પેટે ૧૫ ટકાની રાહત મળશે. ગાંધીનગર કોર્પોરેશન વિસ્તાર અને તેની આસપાસ ૨૦ કી.મી.ની ત્રિજ્યામાં આવેલ પ્રવાસન યુનિટના વિકાસ માટે આ કેપીટલ સબસીડી અપાશે.

**કેપીટલ સબસીડી કુલ ૧૫ ટકા અપાશે : હેરીટેજ હોટલોને તથા અન્યોને ૫ થી ૭ ટકા સબસીડી આપવાની નવી પ્રવાસન નીતિમાં જાહેરાત**

રાજ્ય સરકારે આજે નવી પ્રવાસન નીતિ જાહેર કરી છે. જેમાં પ્રવાસન ઉદ્યોગોને કેપીટલ સબસીડી આપવાની મહત્વની પ્રોત્સાહન યોજના દાખલ કરી છે.

રાજ્યની નવી પ્રવાસન નીતિ ૨૦૧૫-૨૦૨૦ની જાહેરાત કરતાં રાજ્યના પ્રવાસન મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતુ કે નવી પ્રવાસન નીતિના કારણે રાજ્યમાં અંદાજે રૂ. ૧૫ હજાર કરોડના સંભવિત મુડી રોકાણોની સંભાવના છે. મહિલા સાહસિકોને ખાસ સવલતો આપવામાં આવશે. છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રવાસીઓ અને યાત્રાળુઓની સંખ્યામાં વૃદ્ધિ થતા પ્રવાસન ક્ષેત્રને વધારે વેગ આપવા માટે ગુજરાતના પ્રવાસન સ્થાનોની માળખાકીય સવલતો અને સુવિધાઓને વધુ સુદ્રઢ કરવાની જરૂરીયાત હોઈ કેપીટલ સબસીડી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કુશળતા, જ્ઞાન અને વ્યાવસાયીકરણની સુધારણા દ્વારા વર્ષ-૨૦૨૫ સુધીમાં ૨૦ લાખ લોકો માટે રોજગારીની તકો ઉભી કરવામાં આવશે. સ્વરોજગારીને વધુ પ્રોત્સાહન મળશે તથા ખાદી, હેન્ડીક્રાફ્ટ જેવા વ્યવસાયિકોને ખૂબ મોટી સંખ્યામાં લાભ મળશે.

આ નીતિ હેઠળ રાજ્યમાં માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે નાણાંકીય સહાય કરાશે.

● અનુસંધાન પાન-૭ પર



બોલ મારી અંબે, જય જય અંબે - ભાદરવી પૂનમના મહામેળાના અંતિમ ચરણમાં રાજ્યભરમાંથી માઈભક્તો વિપુલ સંખ્યામાં ઉભરાયા છે... સમગ્ર અંબાજી પંથક જય અંબે, જય અંબેના જયઘોષથી ગાજી રહ્યું છે. આજે ભાદરવી પૂનમના પાવન પર્વે હજારો ભાવિકો મા-આદ્યશક્તિના દર્શન કરશે. ત્યારે વહીવટી તંત્ર પણ ખડે પગે સમગ્ર વ્યવસ્થા જાળવવા કટિબદ્ધ છે... સ્વચ્છતા અને સલામતિની વ્યવસ્થા માટે ઘનિષ્ઠ પગલા લેવાઈ રહ્યા છે... આદ્યશક્તિના મંદિર રંગબેરંગી રોશનીથી ઝળહળી રહ્યું છે... ભાવિકો શ્રદ્ધાપૂર્વક માતાજીના ચરણોમાં શીશ ઝુકાવવા ઉમટી રહ્યા છે... અબાલ-વૃદ્ધ પદયાત્રીઓની વણઝાર પણ વિવિધ સંઘોમાં ધજા ચડાવવા મંદિરે પહોંચી રહ્યા છે. જય અંબે, જયજય અંબે....

# નવા પ્રવાસન ઉદ્યોગોને પ્રોત્સાહન અને રાહતો



**(૧) કેપીટલ સબસીડી**

- પ્રોજેક્ટમાં રોકાણના કદ મુજબ ૧૫ ટકાની સબસીડી.
- યાત્રાધામો અને ઈકો ટુરીઝમમાં વધુ ૫ ટકા સબસીડી.
- સ્ત્રીઓ, અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ વિશેષ રીતે સક્ષમ એવા રોકાણકારો માટે વધુ ૫ ટકાની સબસીડી.
- ગાંધીનગર કોર્પોરેશન વિસ્તાર અને તેની આસપાસના ૨૦ કીમી.ની ત્રીજ્યામાં આવેલ ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં આવનાર નવા ટુરિઝમ યુનિટોને વધુ ૫ ટકાની સબસીડી.

**(૨) વ્યાજમાં સબસીડી**

- સ્થળને અનુલક્ષી ૫ ટકાથી ૭ ટકા
- હેરીટેજ હોટલ માટે ૭ ટકા અને મહત્તમ ૩૦ લાખ પ્રતિ વર્ષ

**(3) રજીસ્ટ્રેશન અને સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત**

- તમામ પ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે રજીસ્ટ્રેશન સ્ટેમ્પ ડ્યુટીનું ૧૦૦ ટકા રીઈમ્બર્સમેન્ટ

**(૪) લકઝરી ટેક્ષ**

- પાંચ વર્ષ માટે ૧૦૦ ટકા મુક્તિ

**(૫) મનોરંજન કર**

- પાંચ વર્ષ માટે ૧૦૦ ટકા મુક્તિ

**(૬) વીજ કર**

- વીજકરમાંથી પાંચ વર્ષ માટે ૧૦૦ ટકા મુક્તિ

**(૭) મેગા ટુરીઝમ પ્રોજેક્ટ**

- રાજ્યમાં કોઈપણ સ્થળે રૂપિયા ૭૫ કરોડથી વધુ રોકાણ ધરાવતા તથા ૧૫૦ થી વધુ લોકોને રોજગારી આપવાની ક્ષમતા ધરાવતી પ્રોજેક્ટને મેગા ટુરીઝમ પ્રોજેક્ટનો દરજ્જો આપી અધીક પ્રોત્સાહન અને રાહત તરીકે મહત્તમ રૂપિયા ૨૦ કરોડ સુધીની કેપીટલ સબસીડી તેમજ મનોરંજન કર અને લકઝરી ટેક્સમાં સાત વર્ષ સુધીની મુક્તિ આપવામાં આવશે.

**(૮) સસ્ટેનેબલ ટુરીઝમ સહાય**

- યોગ્ય ધરાવતા ટુરીઝમ યુનિટોને એનર્જી ઓડિટ કરાવવાની કિંમતના ૭૫ ટકા અથવા વધુમાં વધુ રૂપિયા ૫૦ હજાર જે નીતિ સમય દરમ્યાન એક જ વાર મળવા પાત્ર રહેશે.

**(૯) અન્ય પ્રોત્સાહનો**

- કૌશલ્ય વિકાસ માટે માન્ય સંસ્થાઓને તાલીમ ખર્ચનું રીઈમ્બર્સમેન્ટ
- સ્થાનિક ટુરીસ્ટ ગાઈડોને નિયમિતરૂપે માસિક સ્ટાઈપેન્ડ
- નવીનતા ધરાવતી પ્રવાસન પ્રોજેક્ટો માટે પ્રોત્સાહન

# રાજ્યમાં પ્રવાસન નીતિના અમલીકરણ માટે બે સ્ટેટ લેવલ કમીટી રચાશે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં પ્રવાસનની નીતિના અમલીકરણ માટે બે સ્ટેટ લેવલ કમીટીઓની રચના કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા આજે નવી પ્રવાસન નીતિ જાહેર કરવામાં આવી છે. આ નવી પ્રવાસન નીતિના યોગ્ય સંચાલન અને અમલીકરણ થાય તે માટેનું મોનીટરીંગ કરવા સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમિટી અને બીજી સ્ટેટ લેવલ ઈમ્પ્લિમેટેશન કમિટીની રચના કરવામાં આવશે.

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર




પ્લોટ નં. ૧૦૦૪/એ, સેક્ટર-૨૮, G.I.D.C., DSP ઓફીસની સામે, ગાંધીનગર.
૨/૫, ઉમીયા તીર્થ વીલે, ગાયત્રી મંદીર પાસે, મહેસાણા હાઈવે, કલોલ.
અતીથી હોટલ પાસે, આશીર્વાદ હોસ્પિટલ સામે, દહેગામ.

ઘ-3 સર્કલ ૨ વર્ષ બાદ ફરી ગાંધીનગરના આંગણે
ARAVALLI Art & Craft Festival - 2015
18-9-15 to 4-10-15
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ
TIME : 11 A.M. to 10 P.M.
હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયડરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલકત્તાનું ટેકારોટા તથા કાપા કોટન ટોપ્સ
એન્ટ્રી પાર્કીંગ ફ્રી
ઘ-3 સર્કલ, સેક્ટર-૬ ગ્રાઉન્ડ, ગાંધીનગર